# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-07-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્ય પોલીસ વડા ભુજની મુલાકાતે

**રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય આવતીકાલે કચ્છની મુલાકાતે આવશે. તેઓ ભુજમાં અરજદારોની ફરિયાદો સાંભળશે.**

**આ અંગે ડીજીપીએ 'એક્સ' પર માહિતી આપતા જણાવ્યું છે કે, તેઓ આવતીકાલે ૧૧ જુલાઈએ ભુજ શહેરની મુલાકાત દરમ્યાન બપોરે ૩થી ૪ વાગ્યા દરમિયાન હરીપર રોડ પર આવેલ બોર્ડર રેન્જ આઈજીની ઓફિસ ખાતે અરજદારોને મળશે. જે કોઈપણ અરજદારોને ફરિયાદ કે અન્ય કોઈ પ્રશ્નો હોય તો તેઓ પોલીસ વડા સમક્ષ રૂબરૂ રજૂઆત કરી શકશે. ડીજીપીની ભુજ મુલાકાતને પગલે પોલીસ તંત્ર પણ તૈયારીઓમાં પરોવાઈ ગયું છે.**

**-----------------------------------------------------------------------------------------------**

## માછીમાર પર લાગેલો પ્રતિબંધ હટાવાયો

**નારાયણ સરોવર, જખૌ અને લખપતમાં માછીમારી પર લાગેલો પ્રતિબંધ હટાવી દેવાયો છે.**

**ઓપરેશન સિંદૂરને લઈને સમગ્ર ગુજરાતમાં માછીમારી પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. પરિસ્થિતિ સામાન્ય થતા આ પ્રતિબંધ હટાવી લેવાયો હતો પરંતુ કચ્છના નારાયણ સરોવર, લખપત અને જખૌ ખાતે પ્રતિબંધ યથાવત રહ્યો હતો. જેથી, માછીમારો બેરોજગાર બનતા આ પરિવારોને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ બાબતે સરકારમાં રજૂઆતો કરવામાં આવી હતી.**

જેના પરિણામે રાજ્ય સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર પ્રમાણે નારાયણ સરોવર, લખપત અને જખૌના દરિયાઈ વિસ્તાર ખાતેથી થતી માછીમારી પ્રવૃત્તિ પર લગાવવામાં આવેલ પ્રતિબંધને હટાવી લેવામાં આવ્યો છે. બે મહિના બાદ માછીમારી માટે મંજૂરી મળતા માછીમાર સમુદાયે રાહત અનુભવી છે.

-----------------------------------------------------------------------------------------

## વરસાદ

જીલ્લામાં વાદળછાયા વાતવરણ વચ્ચે આજે પણ વરસાદે કેટલાક છુટાછવાયા વિસ્તારોમાં હાજરી પુરાવી છે. ગાંધીધામ અને ભુજ સહીત જિલ્લાના પાંચ તાલુકાઓમાં આજે ઝરમર કે, ઝાપટા સ્વરૂપે વરસાદ થયો હતો.

ગાંધીધામમાં વરસાદી ઝાપટાના સમાચાર છે તો જિલ્લા મથક ભુજમાં ગોરંભાયેલા માહોલ વચ્ચે સવારથી ઝરમર વરસાદ થતાં માર્ગો ભીંજાયા હતા. અબડાસા અને માંડવી તાલુકાના કાંઠાળ વિસ્તારોમાં પણ ઝરમર વરસાદ વરસ્યો હતો.

જિલ્લા કંટ્રોલ રૂમ પાસેથી અમને મળેલ વિગતો મુજબ, આજે સવારથી ગાંધીધામ તાલુકામાં ૮ મીલીમીટર જયારે ભુજ તાલુકામાં ૭ મીલીમીટર વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આગામી સોમવાર સુધી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

-----------------------------------------------------------------------------------------

## ક્ષતિગ્રસ્ત રોડને રીપેર કરવાની કામગીરી

જિલ્લામાં ભારે વરસાદના લીધે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ રસ્તાઓને રીપેર કરવાની કામગીરી ચાલી રહી છે. ખાસ કરીને જ્યાં જ્યાં પાણીના પ્રવાહના લીધે રસ્તાઓ કે કોઝવે ક્ષતિગ્રસ્ત થયા છે તેને પ્રાથમિકતા આપીને કામગીરી કરવામાં આવી રહી છે.

પાણીના ભારે પ્રવાહથી ક્ષતિગ્રસ્ત થયેલા માંડવી તાલુકાના મોડકૂબા ગામના કોઝવેને રિપેર કરવા માટે માર્ગ અને મકાન વિભાગ રાજ્યની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ

ધરવામાં આવી હતી. આ કોઝવે ઉપર માટી અને મેટલનું પૂરાણ કરીને તેને લેવલ કરીને મોટરેબલ બનાવવામાં આવ્યો હતો અને વાહન વ્યવહાર પૂર્વવત કરાયો છે.

---------------------------------------------------------------------------------------

## ગુરૂપૂર્ણિમા

રાજ્ય સહિત કચ્છમાં પણ આજે ગુરુપૂર્ણિમાના પર્વની ઉજવણી થઈ રહી છે. રાપરના પૌરાણિક મહત્વ ધરાવતા દરીયાસ્થાન મંદિર ખાતે ગુરુ પૂર્ણિમા અને નવધા રામાયણ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ભુજ સહિતના વિવિધ મંદિરો ખાતે પૂજન, મહાઆરતી, અભિષેક, વૈદિક પાઠ, ગુરૂપૂજન સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## આંખની તપાસનો કેમ્પ

ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા સોમૈયા સર્વોદય ટ્રસ્ટના સહયોગથી નખત્રાણા ખાતે આગામી ૧૫ મી એ મંગળવારે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે.  સોમૈયા હોસ્પિટલમાં સવારે 9 થી 1 વાગ્યા સુધી યોજાનાર આ કેમ્પમાં  મોતિયો, જામર, વેલ, પરવડા, આંખમાંથી પાણી પડવું, આંખ લાલ થવી, આંખ માં જાખુ દેખાતું હોય, આંખમાં ખંજવાળ આવવી, વગેરે જેવા આંખ ને લગાતા દરેક રોગોની તપાસ કરવામાં આવશે. તેમજ ઓપરેશનની જરૂરિયાત વાળા દર્દીઓને તારીખ આપીને નિષ્ણાંત સર્જનો દ્વારા ભોજાય ટ્રસ્ટ હોસ્પિટલ ખાતે ઓપરેશન કરી આપવામા આવશે તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ : રખડતા ઢોરોને પકડવાની કામગીરી

જિલ્લા મથક ભુજમાં રખડતા ઢોરના કારણે નાગરિકોને થઇ રહેલી મુશ્કેલીઓને ધ્યાને રાખીને નગરપાલિકા દ્વારા ગત એપ્રિલ મહિનાથી શહેરના વિવિધ વિસ્તારોમાંથી રખડતા

**પશુઓને પકડવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેમાં અત્યાર સુધી કુલ ૩૨૮ જેટલા ગાય, વાછરડા, આખલાને પકડીને નજીકના પાંજરાપોળમાં મુકવામાં આવ્યા છે.**

**---------------------------------------------------------------------------------------**

## હમીરસર – નવા નીરની આવક

**સચરાચરી મેઘમહેરના પગલે ભુજના હૃદયસમા હમીરસર તળાવમાં નવા નીરની આવક થઈ છે. તળાવમાં નવા પાણી સાથે કચરો પણ તણાઈ આવતા ભુજ નગરપાલિકા દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. તળાવમાંથી ધનકચરાને દુર કરવામાં આવ્યો હતો.**

**---------------------------------------------------------------------------------------**

## નખત્રાણા : પ્રાંત અધિકારી

**નખત્રાણાના પ્રાંત અધિકારી સુરજ સુથારે દેવીસર ગામની મુલાકાત લઈને વ્યાજબી ભાવની મળતી ચીજવસ્તુ તથા જથ્થા અને તોલમાપની ચકાસણી કરી હતી તેમજ પંચાયત પ્રાથમિક શાળા, મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્રમાં અપાતા મેનુ સહિતની ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત,  લાભાર્થીઓને પંચાયત ઘરમાં ડીઝીટલ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરાયું હતું.**

**---------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

**ક્રિકેટમાં, ભારત અને યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે પાંચ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીની ત્રીજી ટેસ્ટમાં શરુ થઇ છે. ઇગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ દાવ લીધો છે.**

**---------------------------------------------------------------------------------------**